:: જાહેર નોટીસ ::

નીચે સહી કરનાર **એનુલહસન ફજલુરરહમાન અંસારી,** રહે. પ્લોટ નં.૨૧૭, ૨૧૮, શાલીમાર સોસાયટી, ઉન-સુરતના આથી જાહેર જનતાને આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ કે.....

મારો **પૂત્ર રેયાજુદીન એનુલહસન અંસારી** તથા **પુત્ર-વધુ શીના ઉર્ફ શાહિન રેયાજુદીન અંસારી** નાઓ અમારા પરિવારથી અલગ રહે છે, અને મારા કહ્યામાં નથી અને તેઓની વચ્ચે વિવાદ ચાલતા રહે છે, અને પોતાની મનમાની મુજબ જીવન વ્યતિત કરે છે, જેથી સમાજમાં હમારી પ્રતિષ્ઠા ને નુકશાન થયેલ હોઇ હમોએ પૂત્ર **રેયાજુદીન એનુલહસન અંસારી** તથા પુત્ર-વધુ **શીના ઉર્ફ શાહિન રેયાજુદીન અંસારી** નાઓને હમારી મિલકત તથા જીવનમાંથી બેદખલ કરેલ છે, અને તેઓના કોઈ પણ પ્રકારની સમાજીક પ્રવૃતિ કે લેણ-દેણ કે વ્યવહારથી મને તથા મારા પુરા પરિવારને કોઇ લેવા દેવા નથી, જેથી તેની સાથે કોઇ પણ વ્યવહાર કરશે તો તેની જવાબદારી હમારી કે મારા પુરા પરિવારની રહેશે નહી અને તેની કોઇપણ પ્રકારની પ્રવૃતિ કે કૃત્યો માટે હમોની તથા હમારા પરિવારની કોઇ જવાબદારી નથી, જેની જાહેરજનતાએ, સરકારી તથા અર્ધસરકારી સંસ્થાઓએ નોંધ લેવી.

(એનુલહસન ફજલુરરહમાન અંસારી)

તા. ૦૯-૧૧-૨૦૨૫ સુરત.
ઓફીસ : પ્લોટ નં.૧૨૮, સરવે નં.૨૬, ગરીબનવાઝ નગર, લિંબાયત, સુરત. મો. : ૯૪૨૬૮ ૭૫૭૮૨

સલીમ એચ. બનારસી
એડવોકેટ એન્ડ નોટરી

જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ બારડોલી ના મોજે **ગામ : તાજપોર બુજરંગ ના બ્લોક / રેવન્યુ સર્વે નં.૪૪, જુનો સર્વે નંબર : ૧૨૮+૧૨૯/૨** વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનુ સુમારે ક્ષેત્રફળ હે.આરે.૨-૦૧-૩૪ ચો.મી., આકાર રૂા.૧૭.૫૬ પૈસા, ખાતા નં.૨૭૮ વાળી જમીન તેના માલિક **સુનિલકુમાર મનુભાઇ પટેલ, અશ્વિનકુમાર મનુભાઇ પટેલ, પ્રીતી સુનિલ પટેલ, શિવમ સુનિલ પટેલ, ઉજાસ સુનિલ પટેલ** નાઓએ મારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે, આથી સદર જમીન બાબતે કોઇ પણ શખ્સ, સંસ્થા, બેંક કે અન્ય કોઇના કોઇ પણ - કારના હકક, હિત, હિસ્સો, સંબધ, અધીકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇ પણ જાતનો વાંધો, હરકત હોય તો તેણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૧૦** મા હમોને નીચે જણાવેલ સરનામે દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમા જાણ કરવી, જો તેમ કરવામા કસુર કરવામા આવશે તો આ નોટીસની મુદત વિત્યે કોઇ પણ વ્યકિત, બેંક કે સંસ્થાનો કોઇ પણ પ્રકારે હકક, હિત, હિસ્સો, સંબધ, અધીકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇ પણ જાતનો વાંધો, હરકત નથી અને હોઇ તો તે જતા કર્યા છે યાને વેવ કરેલ છે તેમ માની મારા અસીલ સદર જમીનનો પાકો રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઇની કોઇ પણ પ્રકારે તર-તકરાર, દાવો, ફરીયાદ ચાલશે નહિ જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તારીખ: ૦૮/૧૧/૨૦૨૫
ઓફિસ: જી-૪૯, અવધ એરેના કોમ્પલેક્સ, ડીજીવીસીએલ ઓફિસ સામે, વીઆઈપી રોડ, વેસુ, સુરત. મો. ૯૦૩૩૨ ૪૧૮૪૧.

વિવેક પી. સુરતી
હર્ષ એ. પટેલ
એડવોકેટ્સ

મોજે: મુનસાડ, તા. જી. નવસારીની ખેડખાતાની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને હાલની આ વેચાણ અંગેની જાહેર નોટીસથી જણાવવાનું કે, મોજે: મુનસાડ, તા. જી. નવસારીના (૧) **બ્લોક/સર્વે નંબર-૯૧૭, ક્ષેત્રફળ હે-આરે-ચો.મી. ૦-૪૫-૫૩, ખાતા નંબર-૧૦૪૧** વાળી ખેડખાતાની જમીન **ધીરૂભાઈ દુર્લભભાઈ આહિર,** રહેવાસી-આહિરવાસ, મુ.પો. મુનસાડ, તા. જી. નવસારીનાની સ્વતંત્ર માલિકી કબજે હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ કરવા માંગતા હોય જેથી સદરહું ખેડખાતાની જમીન બાબતે કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે ઈસમોનો બોજો, બેંક લોન, કબજો-ભોગવટો, રસ્તાના હકક-હિત-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, હિત-સંબંધ, ઈઝમેન્ટ કે તે મતલબના સાટાખત, બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી, ગીરો ખત વિગેરે પ્રકારના કોઈ લખાણો હોય તો તે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં રજુઆતો હમારા અસીલ તરફે અને વતી હમોને કરવી જો તેમ કરવામાં કસૂર થશે તો મુદત વિત્યે સદરહું ખેડખાતાની જમીનમાં કોઈનું કોઈપણ પ્રકારો બોજો, બેંક લોન, કબજો-ભોગવટો, કાયદેસરના હકક-હિત-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, હિત-સંબંધ, ઈઝમેન્ટ કે તે મતલબનાં સાટાખત, બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી, ગીરો ખત વિગેરે પ્રકારનાં કોઈ લખાણો નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કે "વેઈવ" કર્યા છે તેમ માની ઉપરોક્ત જણાવેલ ખેડખાતાની જમીનનાં માલિક હમારા અસીલને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપશે અને તે અંગે ભવિષ્યમાં કોઈના કોઈપણ પ્રકારનાં વાંધા-હરકત હમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં. જેની સ્પષ્ટ કાયદેસરની નોંધ લેવા વિનંતી.

(ધીરૂભાઈ દુર્લભભાઈ આહિર)

હમારા અસીલની સુચનાથી,
અજય આર. ગાંધી (એડવોકેટ)

તા. ૦૮-૧૧-૨૦૨૫
૧૧૦, શંખેશ્વર કોમ્પલેક્ષ, કલેકટર ઓફિસ સામે, નવસારી. મો.: ૯૮૨૫૦૯૯૦૮૬

મોજે ગામ કોસમ, તા.ઓલપાડ, જી.સુરતનાં રે.સર્વે નં.૧૦૨/૨બ/પૈકી બ્લોક નં. ૩૪૩/બ વાળી ખેતીની જમીનનાં વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ થકી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટનાં તાલુકા ઓલપાડનાં મોજે ગામ કોસમનાં રે.સર્વે નં. ૧૦૨/૨બ/પૈકી બ્લોક નં.૩૪૩/બ જેનું કુલ ક્ષેત્રફળ ૦ હેકટર ૮૪ આરે ૯૮ ચો.મી. જેનો આકાર રૂા.૧૦.૧૨ પૈસા વાળી બીન ખેતી પ્રિપાત્ર ખેડખાતાની ખેતીની જમીનનાં માલિક અતુલભાઇ ડાહ્યાભાઇ પટેલ પોતાની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા-ભોગવટાની, બોજા-મુક્ત, ટાઇટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી મજકુર જમીનમાં આવેલ પાક, ઝાડ, બીડ, શેઢા સહિતની ઉપર આકાશથી પાતાળ સુધીના તમામ હક્કો સહિત તથા કુદરતી પાણીનાં ચાલ-નિકાલનાં અને વહીવટી રસ્તા વપરાશની હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી મજકુર જમીન બાબતે કોઇ વ્યકિત, બેન્ક યા સંસ્થાનાં લાગભાગ, હક્ક, હિત, કબજો, દર-દાવા, લીયન, ચાર્જ, લેણાં યા બોજા, ગણોત હક્ક, ખોરાકી પોષાકીનાં હક્ક, ભરણપોષણનાં હક્ક, રસ્તા વપરાશનાં હક્ક, પાણી તથા ગેસ લાઇન વપરાશનાં હક્ક, ઇઝમેન્ટનાં હક્ક યા વેચાણ વિરૂધ્ધ વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં આધારભુત પુરાવા સહિત હમો એડવોકેટને નીચે જણાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો મજકુર જમીનમાં કોઇનાં કોઇપણ જાતનાં હક્ક હિત સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે હમારા અસીલની તરફેણમાં જતા યાને વેવ કર્યા છે તેમ માની હમારા અસીલ મુદત વિત્યેથી વેચાણ અવેજની રકમ ચુકવી વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ ભવિષ્યમાં કોઇની તર-તકરાર યા વાંધો ચાલશે નહી.

તા. ૦૯/૧૧/૨૦૨૫

હેમંત એમ. પટેલ
એડવોકેટ એન્ડ નોટરી

તુષાર પી. પ્રજાપતિ
એડવોકેટ

તે ખરીદનારનાં એડવોકેટસ્
ઓફીસ: ૧૧૦, ૧૧૦/એ, શિવકૃપા એપાર્ટમેન્ટ, રામનગર, રાંદેર રોડ, સુરત
મો.નં. ૯૮૨૪૩ ૬૨૯૩૧, ૯૭૨૫૧ ૦૯૧૨૫

બિનખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટીશ

આ જાહેર નોટીશથી લખી જણાવવાનું કે જી. સુરત, તા. માંગરોલ, મોજે ગામ હથુરણની નીચેની વિગતે ચાલી આવેલ બિનખેતીની ઔદ્યોગિક હેતુની જમીન ચાલી આવેલ છે. જે જમીનનું વર્ણન નીચે મુજબ છે.

:: મિલકત/જમીનનું વર્ણન ::

જીલ્લો: સુરત, તાલુકો: માંગરોલ ના મોજે ગામ હથુરણના બ્લોક નંબર ૨૮૬, ૩૧૬ તથા ૩૧૭ ઉપર ચાલતી બિનખેતીની જમીન જે જીલ્લો: સુરત, સીટી સર્વે ઓફીસ: ઓલપાડ વોર્ડ, હથુરણ (બિનખેતી) તરીકે સીટી સર્વે દફતરે સીટી સર્વે નંબર NA૨૮૬ થી ૪૬,૫૦૦.૦૦ ચો.મી. જમીન ચાલતી આવેલ છે. જે "CHEM ZONE INDUSTRIAL PARK" નામથી ઓળખાય છે. જેમાં ઔદ્યોગિક હેતુ માટેના પ્લોટો પાડવામાં આવેલ છે. જે પ્લોટો પૈકી નીચેના વિગતવાળા પ્લોટો "SOLANCE EXTRUSION PVT LTD" ને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

પ્લોટ નંબર	મુળ સીટી સર્વે નંબરા	એકમ કાર્ડ મુજબ સીટી સર્વે નંબર	પ્લોટનું ક્ષેત્રફળ ચો.મી.	પ્લોટનું ક્ષેત્રફળ ચો.ફુટ	ટોટલ વણવહેંચાયેલ ક્ષેત્રફળ ચો.મી. (સી.ઓ.પી તથા રોડ રસ્તા મળી કુલ)	કુલ ક્ષેત્રફળ ચો.મી. પ્લોટ એરીયા + વણવહેંચાયેલ એરીયો)
૧૩	NA૨૮૬	NA૨૮૬/૧૩	૯૪૯.૩૮	૧૦૨૧૫.૩૩	૩૧૦.૭૪	૧૨૬૦.૧૨
૧૪	NA૨૮૬	NA૨૮૬/૧૪	૯૨૮.૮૦	૯૯૯૩.૯૯	૩૦૪.૦૦	૧૨૩૨.૮૦
૧૫	NA૨૮૬	NA૨૮૬/૧૫	૯૦૭.૭૭	૯૭૬૭.૬૧	૨૯૭.૧૨	૧૨૦૪.૮૯
૧૬	NA૨૮૬	NA૨૮૬/૧૬	૮૮૮.૬૯	૯૫૬૨.૩૦	૨૯૦.૮૮	૧૧૭૯.૫૭
૧૭	NA૨૮૬	NA૨૮૬/૧૭	૮૭૦.૨૪	૯૩૬૩.૭૮	૨૮૪.૮૪	૧૧૫૫.૦૮
૧૮	NA૨૮૬	NA૨૮૬/૧૮	૮૫૧.૮૬	૯૧૬૬.૦૨	૨૭૮.૮૨	૧૧૩૦.૬૮
૧૯	NA૨૮૬	NA૨૮૬/૧૯	૮૩૩.૪૮	૮૯૬૮.૨૫	૨૭૨.૮૧	૧૧૦૬.૨૯
૨૦	NA૨૮૬	NA૨૮૬/૨૦	૮૦૧.૬૦	૮૬૨૫.૨૨	૨૬૨.૩૭	૧૦૬૩.૯૭
		ટોટલ	૭૦૩૧.૮૨	૭૫,૬૬૨.૪૦	૨૩૦૧.૫૮	૯૩૩૩.૪૦

ઉપરોક્ત જણાવેલ કુલ ૮ પ્લોટો (પ્લોટ નંબર ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦) મળી કુલ પ્લોટ એરીયા ૭૦૩૧.૮૨ ચો.મી. + વણવહેંચાયેલ હિસ્સાનું ક્ષેત્રફળ (સી.ઓ.પી. તથા રોડ રસ્તા મળી કુલ) ૨૩૦૧.૫૮ = કુલ ક્ષેત્રફળ ૯૩૩૩.૪૦ ચો.મી વાળી ઔદ્યોગિક હેતુની બિનખેતીની જમીન વાળા પ્લોટો **ભરતભાઈ કાનજીભાઈ બાવીશી,** રહે. ૯૧, મુ.પો. મોટા આંકડીયા, હવેલી પાસે, અમરેલીના ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની હોયો અને તેઓએ સદરહું પ્લોટો અમારા અસીલ "SOLANCE EXTRUSION PVT LTD" ને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી આ જાહેર નોટીશથી તમામ લાગતા-વળગતા વંશ, વાલી, વારસો કે અન્ય કોઈપણ હિત ધરાવતી વ્યક્તિ કે સંસ્થા કે બેન્ક, સહકારી કે અર્ધસહકારી કચેરીઓ કે મંડળીઓને કે અન્ય કોઈ ઈસમ કે શખ્સને સદરહું બિનખેતીના પ્લોટો અંગેકોઈ વાદ-વિવાદ કે લેણાં-દેણાં હોય જે કોઈકોર્ટ, કચેરીનો વાદ-વિવાદ હોય તો તે અંગે આજ તારીખ થી ૦૭ (સાત) દિવસમાં અમોને પુરાવા સાથે લેખિતમાં જાણ કરવાની રહેશે અને મુદત વિતતા કોઈ વાંધો-વિરોધ કે વાદ-વિવાદ છે નહી તેવું માની ખરીદ-વેચાણ અંગેની આગળની કાર્યવાહીના ભાગ રૂપે કાયદેસરનો રજી. વેચાણ દસ્તાવેજ કરીશુ જેથી પાછળથી કોઈપણ ઈસમ કે શખ્સ કે અન્ય વ્યક્તિનો વાંધો-વિરોધ કે વાદ-વિવાદ ચાલશે નહીં તે અંગે આ જાહેર નોટીશ આપી જાણ કરવામાં આવેલ છે.

જમીનના માલિકીની સહી

(ભરતભાઈ કાનજીભાઈ બાવીશી)

સ્થળ: સુરત,
તા. ૦૯-૧૧-૨૦૨૫

જીજ્ઞેશકુમાર એ. અકબરી
(તે ખરીદનારના એડવોકેટ)

૧૦-૧૧, સિલ્વર કોમ્પલેક્ષ, સરદાર પટેલ સ્કુલની બાજુમાં, જલાલપોર રોડ, નવસારી-૩૯૬૪૪૫. મો.: ૮૪૫૯૮૫૨૦૨

-:: તાલુકા : પલસાણા, મોજે : બલેશ્વર, બ્લોક નંબર : ૬૫ વાળી ખેતીની જમીન તથા મોજે : બલેશ્વર ગામ પંચાયત દફતરે પ્રોપર્ટી નંબર : ૧૦૪૪, ૧૦૪૫, ૧૦૪૬ ના બાંધકામવાળી મિલકતો બાબતે જાહેર ચેતવણી ::-

જાહેર જનતાને આ નોટીસ થકી જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ તાલુકા : પલસાણાના મોજે : બલેશ્વરના ખાતા નંબર : ૧૦૭૬, રેવન્યુ સર્વે નંબર : ૫૦ બ્લોક નંબર : ૬૫ કે જેનું ક્ષેત્રફળ : ૧૩૬૬૨ ચોરસ મીટર કે જેનો આકાર રૂા. ૧૬.૬૯ પૈસાવાળી જુની શરતની જમીન તથા મોજે : બલેશ્વરના ગામતળ વિસ્તારમાં માળી ફળીયામાં આવેલ મિલકત નંબર : ૧૦૪૪, ૧૦૪૫, ૧૦૪૬ વાળા ૩ ગાળાની બાંધકામવાળી મિલકતોમાં મારા અસીલનો કાયદેસરનો વારસાઈ હક્ક ચાલી આવેલ છે. મારા અસીલનો કાયદેસરનો વારસાઈ હક્ક તેમના ભાઈ મહંમદ રફીક અહમદ શેખે કપટપૂર્વક, ઉંઘુ-ચતુ સમજાવી, અંધારામાં રાખી પોતાના લાભમાં લખાવી લીધેલ છે. જેની જાણ મારા અસીલનને તેમની માતા ફાતમાબીબી અહમદ શેખના અવસાન બાદ માલમ પડેલ છે. જેથી મારા અસીલનને ઉપરોક્ત જણાવેલ ખેતીની જમીન તથા ગામતળમાં આવેલ મિલકતો બાબતે કાયદેસરની કાર્યવાહી કરનાર હોય, સદર ખેતીની જમીન તથા મિલકતો બાબતે મારા અસીલનના ભાઈ મહંમદ રફીક અહમદ શેખ સાથે કોઈપણ વ્યક્તિ, સંસ્થા, બેન્ક કે શરાફી પેઢીએ કોઈપણ જાતના માલિકી તબદીલી અંગેના કે નાણાંકિય-બિનનાણાંકિય વ્યવહારો કરવા-કરાવવા નહીં અન્યથા તે તમામ સામે પણ મારા અસીલનને કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે જેની તમામે નોંધ લેવી.

મારી મારફતે :- સલીમ એમ. ખાન તે વહીદાબીબી અહમદ શેખની પુત્રીના (એડવોકેટ), *ઓફિસ:-* યુ/૨૩, શ્રીનાથજી કોમ્પલેક્ષ, રામનગર ચાર રસ્તા, રાંદેર રોડ, સુરત. મો.નં.૭૨૨૭૮ ૬૪૧૭૧.

મોજે સાંધીયેર ના બ્લોક નંબર ૬૯૮ વાળી ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લા સુરત ના તાલુકા ઓલપાડ ના ગામ **મોજે સાંધીયેર** ના રેવન્યુ સર્વે નંબર ૪૭૦/૧ પૈકી, ૪૭૦/૨ પૈકી, ૪૭૧, **બ્લોક નંબર ૬૯૮** વાળી હે. આરે. ૦-૯૫-૧૦ ચો.મી. અને આકાર રૂા. ૧૬.૫૦ પૈસા ધરાવતી જુની શરતની ખેતી જમીન તેના મુળ ખેડુત/ માલિક/ કબજેદાર **૧. હર્ષદભાઈ ગોપાળભાઈ, ૨. મીનાક્ષીબેન તે હર્ષદભાઈ ગોપાળભાઈની ધણીયાણી, ૩. ધર્મીન હર્ષદભાઈ તથા ૪. અપૂર્વ હર્ષદભાઈ** નાઓની સંયુક્ત માલિકની ચાલી આવેલ છે. સદરહું જમીન તેઓની સંયુકત માલિકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ-વ્યવસ્થા, ભોગવટાની તેમજ નકરજી, નબોજી ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તમામ પ્રકારના બોજા રહિત હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું જમીનો ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, જપ્તી, અવલ/જપ્તી, લેણું-બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની યા કોઈ કોર્ટ પ્રકરણો વિગેરે હોય, તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહીત **દીન-૭** માં તે અંગેની સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી હમોને કરાવવી. મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું જમીનોમાં હિત, સબંધ, હક, હિસ્સા કે લાગભાગ, દર/દાવા વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે. એમ માની લઈ મારા અસીલ મજકુર માલિકો સાથે વેચાણ અંગેના વ્યવહારો કરી, જરૂરી કાયદેસરના લખાણો મજકુર માલીકો પાસેથી કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી, તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

તારીખ : ૦૯/૧૧/૨૦૨૫
ઓફિસ : ૨૧૩, રાજદિપ કોમ્પલેક્ષ, સીંગણપોર ચાર રસ્તા, વેડરોડ, સુરત.

અસીલની સુચના અને ફરમાઈશથી
દિનેશ ડી. લખાણી
(એડવોકેટ)

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટનાં મોજે ગામ સોંસકનાં સીટી સર્વે વોર્ડ સોંસોક (બીનખેતી) નાં શીટ નં. NA99 જેનો સીટી સર્વે નં. NA81/અ જેનું હુલ ક્ષેત્રફળ ૪૭૫૬ ચો. મી. વાળી બિનખેતીની ખુલ્લી જમીન મેસર્સ સક્ષમ ઇન્ફ્રા એક ભાગીદારી પેઢીનાં વહીવટર્તા ભાગીદાર તરીકે મીથીલ નાનજીભાઇ ડાભીએ સદરહુ જમીન પોતાની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા-ભોગવટાની, ટાઇટલ કલીયર, બોજા-મુક્ત અને માર્કેટેબલ હોવાનું જણાવી સદરહુ જમીન હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી સદરહુ જમીન બાબતે કોઇ વ્યકિત, બેન્ક યા સંસ્થાનાં લાગભાગ, હક્ક, હિત, કબજો, દર-દાવા, લીયન, ચાર્જ, લેણાં યા બોજા, ગણોત હક્ક, ખોરાકી પોષાકીનાં હક્ક, ભરણપોષણનાં હક્ક, રસ્તા વપરાશનાં હક્ક, પાણી વપરાશનાં હક્ક, ઇઝમેન્ટનાં હક્ક યા સદર વેચાણ વ્યવહાર વિરૂધ્ધ વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં આધારભુત પુરાવા સહિત હમો એડવોકેટને નીચે જણાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહુ જમીનમાં કોઇનાં હક્ક, હિત, સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે હમારા અસીલની તરફેણમાં જતા યાને વેવ કર્યા છે તેમ માની હમારા અસીલ મુદત વિત્યેથી વેચાણ અવેજ બાકીની રકમ ચુકવી વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ ભવિષ્યમાં કોઇની તર-તકરાર યા વાંધો ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૯-૧૧-૨૦૨૫

અમૃત ડી. સેલર એડવોકેટ
પ્રજ્ઞેશ જી. સેલર એડવોકેટ
આશિષ એ.સેલર એડવોકેટ એન્ડ નોટરી

તે ખરીદનારનાં એડવોકેટસ્
ઓફીસ: જી-૯, મોર્ડન શોપી, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત મો. નં. ૯૮૨૫૨૩૧૪૨૬

ખરીદનાર સાવધાન

જત મારા અસીલ (૧) **રાજેન્દ્રકુમાર રમેશચંદ્ર પટેલ** (૨) **ફાલ્ગુનીબેન રાજેન્દ્રકુમાર પટેલ** ઠે. પ્લોટ નં. એ/૧, શિવમ પાર્ક, અડાજણ, સુરતના તરફે મળેલી સુચના અન્વયે જણાવવાનું કે,

શહેર સુરતમાં નીચે વર્ણવેલ સ્થાવર મિલકત આવેલી છે.

:: મિલકતનું વર્ણન ::

શહેર સુરતમાં, મોજે : અડાજણ, મુકામે એ/૧, શિવમ પાર્ક, સર્વે નં. ૪ પૈકી ફા. પ્લોટ નં. ૦૭, ટી.પી.સ્કીમ નં. ૩૧, હરીનગર સોસાયટી પાછળ, સેલ પેટ્રોલ પંપની પાછળ, ડિસ્ટ્રીકટ સુરત.

(૧) ઉપરોક્ત મિલકત સંબંધી **"ઓથમ ઈન્વેસ્ટમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી."** કે જે અગાઉ રીલાયન્સ કોમર્શીયલ ફા. લી. ના નામે ઓળખાતી હતી. તેઓએ મારા અસીલની ડેબ્ટ રીકવરી ટ્રીબ્યુનલ સમક્ષની **એસ.એ. નં. ૪૨૨/૨૦૨૫** તેઓની વસુલાતની કાર્યવાહી સામે પેન્ડિંગ હોવા છતા અને મેટર સબ-જ્યુડિસ હોવા છતા તા.૧૧.૧૧.૨૦૨૫ ના રોજ હરાજી માટે ઈ-ઓકશનની નોટીસ જાહેર કરેલ છે જેમાં દગોફટકો કરી બાંધકામવાળી મિલકતનો જે ઉલ્લેખ કરેલ છે તે ખોટો છે.

હાલના રીસન્ટ ચુકાદા મુજબ નોટીસમાં ઓથોરાઈઝડ ઓફીસરનું નામ જણાવેલ નથી. તેથી પણ તેમજ હરાજી કરતા અગાઉ જે કાયદાકીય નોટીસો બોરોવરને આપવાની ફરજીયાત હોય છે તે પણ આપી નથી અને જે રીઝર્વ કિંમત ૩,૨૫,૦૦,૦૦૦/- જણાવી છે તે પણ ખૂબ જ ઓછી છે અને ફકત ખુલ્લી જમીન ગીરોમાં આપેલી હતી, નહી કે તે ઉપરનું સંપૂર્ણ બાંધકામ, જે પ્રશ્ન નામ. ડી.આર.ટી. સમક્ષ વિચાર અર્થે પેન્ડિંગ છે અને **નામ. ટ્રીબ્યુનલે સામાવાળા પર નોટીસ પણ કાઢેલ છે. જેથી હરાજીની નોટીસ સદંતર ગેરકાયદેસરની છે.**

સબબ, આ નોટીસથી જણાવવાનું કે, ઉપરોક્ત મિલકત પેન્ડીંગ ડી.આર.ટી.ની મેટર દરમ્યાન હરાજીમાં કોઈએ પણ ખરીદવી નહીં. જેઓને લીસ પેન્ડસના નિયમનો બાધ નડશે અને નાહક ના લીટીગેશનમાં ઘસડાવવું પડશે. જે સંબંધી આ જાહેર ચેતવણી ન્યાયના વિશાળ હિતમાં આપેલ છે.

હરકોઈ સંજોગોમાં જે સમગ્ર બાંધકામ બંગલાનું છે તે ગીરોમાં આપેલ નથી.

આટલી સુચના આપવા છતા પણ જો હરાજી માં કોઈપણ શખ્સ નાણા રોકશે તો તે અવશ્ય ફસાઈ જશે. જેથી આ નોટીસ ને ગંભીરતાથી લેવી. તેમજ હાલ કોઈ હરાજીની કાર્યવાહી કરવી નહીં.

તા. ૦૯/૧૧/૨૦૨૫, સુરત.

અમારી મારફત :
સલિલ આર. કીનખાબવાલા
બી.એસ.સી.એલ.એલ.બી. (એડવોકેટ)
સરનામું : ૨૦૧, 'સાકાર', અથુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત. મો. ૯૮૨૫૧ ૮૩૦૯૦.

તે રાજેન્દ્રકુમાર રમેશચંદ્ર પટેલ તેમજ ફાલ્ગુનીબેન રાજેન્દ્રકુમાર પટેલના એડવોકેટ

ઘોડદોડ રોડ, અઠવાલાઈન્સ, સુરત ખાતેના "એકાંત બંગલો" અંગે ગંભીર જાહેર ચેતવણી

શહેર સુરતનાં અઠવાલાઈન્સ ખાતે ઘોડદોડ વિસ્તારમાં આવેલ **"એકાંત બંગલો"** ના નામે ઓળખાતી, સીટી સર્વે વોર્ડ-અઠવાનાં આવેલ સીટી સર્વે નોંધ નં.૨૦૩૧ (પ્રોપર્ટી કોર્ડ નં. ૨૦૩૧) થી નોંધાયેલી મિલકત કે જેનું ક્ષેત્રફળ ૫૫૮.૫૫ ચો.મી. સત્તા પ્રકાર-સી વાળી જમીન તથા તેની ઉપર આવેલ ટેનામેન્ટ નં. ૦૧૩બી-૦૫-૦૬૧૧-૦-૦૦૧ વાળી મિલકતનાં મુળ માલિકો ઠાકોરજી કુંવરજી દેસાઈ તથા ગજરાબેન ઠાકોરજી દેસાઈનાઓ ચાલી આવેલા, જેઓના અવસાન બાદ તેમના તમામ સીધીલીટીના વારસદારો સદરહું મિલકતના સંયુક્તપણે માલિક-કબજેદાર થયેલા હોવા છતાં તદન ગેરકાયદેસર રીતે મર્હુમ ઠાકોરજી કુંવરજીની પુત્રી અને મારા અસીલ સુખ્માબેન તે દેવીલાબેન ઠાકોરજીની પુત્રી નાઓના માસી મર્હુમ ઈલાબેન તે ઠાકોરજી દેસાઈની પુત્રી અને જશુભાઈ દેસાઈના પત્ની નાઓએ તેમનું પોતાનું અને તેમના સગીર દિકરા ઓજશ જશુભાઈ દેસાઈનું નામ તદન ગેર-કાયદેસર રીતે રેકર્ડ દફતરે દાખલ કરાવી દીધેલ હોવાનું હમારા અસીલને તાજેતરમાં માલમ પડેલ છે. મારા અસીલના માસી ઈલાબેનનું અગાઉ દુઃખદ અવસાન થયેલ છે.

આમ, સદરહું **"એકાંત બંગલો"** વાળી મિલકતમાં મારા અસીલ સુખ્માબેન તે દેવીલાબેન ઠાકોરજીની પુત્રી નાઓ મર્હુમ દેવીલાબેન તે ઠાકોરજી દેસાઈની પુત્રીના વારસહક્કે ફાળે પડતા વણ વહેંચાયેલા હિસ્સાના માલિક ચાલી આવેલા હતા અને છે અને તે રીતે સદરહું "એકાંત બંગલો" વાળી મિલકતના ઓજશ જશુભાઈ દેસાઈ એકલા, કુલ અને સ્વતંત્ર માલિક નહોતા કે નથી. તેમ છતાં મજકુર ઓજશ જશુભાઈ દેસાઈ સદરહું મિલકત યેન-કેન પ્રકારે વેચાણ કરવાની પેરવી કરી રહેલા છે અને અન્ય સહમાલિકોના હક્કો ડુબાડવાની પેરવી કરી રહેલ છે.

સદરહું અત્યંત ગંભીર હકીકતે, સદરહું **"એકાંત બંગલો"** વાળી મિલકત બાબત મારા અસીલની લેખિત સંમતિ વિના મજકુર **ઓજશ જશુભાઈ દેસાઈ** સાથે ખરીદવા કે અન્ય કોઈ રીતે તબદીલીના કોઈપણ વ્યવહારો કરવા-કરાવવા નહીં, અન્યથા તેવા વ્યવહાર કરનારાઓને પણ સીવીલ તેમજ ફોજદારી પ્રકરણોમાં ઢસડાવુ પડશે અને તકરાર સિવાય કશુંય પ્રાપ્ત થશે નહી, જેની લાગતાં વળગતાંઓએ તથા જાહેરે સ્પષ્ટ અને ગંભીર નોંધ લેવી.

સુરત. તા.૦૮-૧૧-૨૦૨૫
ઓફિસ : ૩૧૨, પ્રોટોન પ્લસ, કોમાની ઉપર, ખોડીયાર માતાના મંદિરની સામે, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯.